# ફોજદારી કેસ નં. ૬૨૯/૨૦૨૫ માં આંક–૧ લગત હુકમ

હાલની ફરીયાદ વાળો કેસ એન. આઈ. એકટની કલમ–૧૩૮ મુજબ દાખલ કરવામાં આવેલ છે. પક્ષકારો તરફથી આંક–૧૪ થી સમાધાન પુરસીસ રજુ કરવામાં આવેલ છે. જેમાં જણાવે છે કે, આ કામના આરોપીએ ફરીયાદીને રૂા.૫,૩૫,૦૦૦/– અંકે રૂપિયા પાંચ લાખ પાત્રીસ હજાર પુરા ચુકવી આપેલ છે અને બાકી રહેતા રૂા.૧૦,૫૦,૦૦૦/– અંકે રૂપિયા દશ લાખ પચાસ હજાર કુલ – ૪ કટકે આરોપી ફરીયાદીને ચુકવશે તે નકકી થયેલ છે.

(૧) બેન્ક ઓફ બરોડા ઓખા શાખાના ખાતા નંબર:૯૪૭૫૦૧૦૦૦૦૨૫૨૯ નો રૂા.૨,૦૦,૦૦૦/– (અંકે રૂપીયા બે લાખ પુરા ) નો ચેક નંબર ૦૦૦૦૦૬ નો તા.૨૦/૦૬/૨૦૨૬ ના રોજનો લખી અને સહી કરી આપેલ છે તે ચેક જણાવેલ તારીખે બેંકમાં વસુલાત માટે નાખશો તો ચેકમાં જણાવેલ નાણા વસુલ મળી જવાની ખાત્રી ભરોસો અને વિશ્વાસ સાથે આ કામના આરોપી ફરીયાદીને આપેલ છે.

(૨) બેન્ક ઓફ બરોડા ઓખા શાખાના ખાતા નંબર :૯૪૭૫૦૧૦૦૦૦૨૫૨૯ નો રૂા.૨,૮૩,૩૩૩/– (અંકે રૂપીયા બે લાખ ત્યાસી હજાર ત્રણસો તેત્રીસ પુરા ) નો ચેક નંબર ૦૦૦૦૧૨ નો તા.૨૦/૦૬/૨૦૨૭ ના રોજનો લખી અને સહી કરી આપેલ છે તે ચેક જણાવેલ તારીખે બેંકમાં વસુલાત માટે નાખશો તો ચેકમાં જણાવેલ નાણા વસુલ મળી જવાની ખાત્રી ભરોસો અને વિશ્વાસ સાથે આ કામના આરોપી ફરીયાદીને આપેલ છે.

(૩) બેન્ક ઓફ બરોડા ઓખા શાખાના ખાતા નંબર : ૯૪૭૫૦૧૦૦૦૦૨૫૨૯ નો રૂા.૨,૮૩,૩૩૩/– (અંકે રૂપીયા બે લાખ ત્યાસી હજાર ત્રણસો તેત્રીસ પુરા ) નો ચેક નંબર ૦૦૦૦૧૩ નો તા.૨૦/૦૬/૨૦૨૮ ના રોજનો લખી અને સહી કરી આપેલ છે તે ચેક જણાવેલ તારીખે બેંકમાં વસુલાત માટે નાખશો તો ચેકમાં જણાવેલ નાણા વસુલ મળી જવાની ખાત્રી ભરોસો અને વિશ્વાસ સાથે આ કામના આરોપી ફરીયાદીને આપેલ છે.

(૪) બેન્ક ઓફ બરોડા ઓખા શાખાના ખાતા નંબર: ૯૪૭૫૦૧૦૦૦૦૨૫૨૯ નો રૂા.૨,૮૩,૩૩૩/– (અંકે રૂપીયા બે લાખ ત્યાસી હજાર ત્રણસો તેત્રીસ પુરા ) નો

ચેક નંબર ૦૦૦૦૧૪ નો તા.૨૦/૦૬/૨૦૨૯ ના રોજનો લખી અને સહી કરી આપેલ છે તે ચેક જણાવેલ તારીખે બેંકમાં વસુલાત માટે નાખશો તો ચેકમાં જણાવેલ નાણા વસુલ મળી જવાની ખાત્રી ભરોસો અને વિશ્વાસ સાથે આ કામના આરોપી ફરીયાદીને આપેલ છે.

એમ કુલ – ૪ ચેકો આ કામના આરોપીએ ફરીયાદીએ લખી, સહી કરી અને સોંપી આપેલ છે જે ફરીયાદીએ સંભાળી લીધેલ છે. હવે આ ફરીયાદ બાબતે કોઈ તકરાર રહેતી નથી. એ રીતનું સમાધાન ઓખા કોર્ટના મીડીયેશન સેન્ટરમાં થયેલ હોય આ સમાધાન રેકર્ડ કરવા વિ. છે. આ કામ લોક અદાલતમાં ફેંસલ કરવામાં આવે તો વાંધો નથી.

વધુમાં આંક–૧૫ થી સમાધાન પુરસીસ મુજબ કેસ ફેંસલ કરવાની અરજી રજુ કરેલ છે જેમાં જણાવવામાં આવેલ છે કે, આ કામના ફરીયાદી અને આરોપી વચ્ચે મીડીયેશન મારફત રાજીખુશીથી સમાધાન થઈ ગયેલ છે. તે લેખીત સમાધાનની નકલ આ સાથે સામેલ રાખેલ છે આ કામના ફરીયાદીને આરોપીએ બાકી લેણી રકમના કુલ – ૪ ચેકો સમાધાનમાં જણાવેલ વિગતના આપેલ હોય આ કામના ફરીયાદી આગળ ચલાવવા માંગતા નથી. આ કામ સમાધાનની વિગતે ફેંસલ કરવા વિ. છે.

આમ, ફરીયાદી ફરીયાદ આગળ ચલાવવા માંગતા નથી અને હાલનો કેસ સમાધાન થયેલ હોય જેથી સદરહું ઉપરોકત આંક–૧૪ની સમાધાન પુરસીસ તથા આંક–૧૫ની અરજી તથા તે લગત હુકમ અન્વયે હાલનો કેસ ફેંસલ કરવામાં આવે છે તથા આરોપીને આક્ષેપીત ગુન્હા અન્વયે નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ **તા.૧૪,** માહે–**માર્ચ,** સને **૨૦૨૬,** ના રોજ રાષ્ટ્રીય લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬
ઓખામંડળ.

**(પંકજકુમાર શ્રીકૃષ્ણમુરારી રાય)**
જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ઓખામંડળ.
(કોડ નં.જી.જે.૦૧૪૫૦)